ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

GUJARAT COUNCIL ON SCIENCE AND TECHNOLOGY GOVERNMENT OF GUJARAT

"વિજ્ઞાન ભવન" પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570111 **WhatsApp** : 8866570111 **Email** : krcscbvn@gmail.com **Website** : www.krcscbhavnagar.org

**અખબાર યાદી** Date : 30th December, 2018

પ્રતિ,
તંત્રી શ્રી,
.............................................................................., ભાવનગર.

વિજ્ઞાન પ્રસાર, નવી દિલ્લીના સહયોગથી કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા

**ટકાઉ ટેકનોલોજી એ આપણું ભવિષ્ય** કેન્દ્ર સ્થાને એક-દિવસીય વર્કશોપનું યોજાયો.

માનવી પોતાના સર્જક એવા પાંચ તત્વો પૃથ્વી, આકાશ, જળ, પવન અને અગ્નિને પોતાના વિકાસ અર્થે પ્રદુષિત કરતો જાય છે. જેના દુષ્પરિણામો સમગ્ર સજીવસૃષ્ટિ અનુભવી રહી છે. લોકો વિધાર્થીકાળમાં જ આ તત્વોનું મહત્વ સમજે તેવા હેતુથી વિજ્ઞાન પ્રસાર નેટવર્ક દ્વારા વિપનેટ ક્લબની રચના કરવામાં આવી છે. વિજ્ઞાન પ્રસાર દ્વારા તેની સાથે જોડાયેલ ક્લબોને પ્રવૃતિના આધારે પ્લેટીનમ, ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્ઝ વિભાગમાં વર્ગીકૃત કરવામાં આવે છે. વર્ષ ૨૦૧૬-૧૭ માં ૨૦ હજારથી વધુ ક્લબો આ નેટવર્ક સાથે જોડાયેલ હતી. જેમાંથી પ્રવૃતિના આધારે ગુજરાત, હરિયાણા અને ઝારખંડ રાજ્યોને પ્લેટીનમ ક્લબ તરીકે જાહેર કરવામાંઆવ્યા હતા. ગુજરાત રાજ્યમાં વિપનેટ સાથે જોડાયેલ ક્લબોમાંથી કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર પ્લેટીનમ ક્લબ તરીકે પસંદગી પામેલ છે.

પ્લેટીનમ ક્લબમાં પસંદગી પામેલ ક્લબો માટે રાજ્ય કક્ષાનો વર્કશોપ માટે મંજુરી આપવામાં આવેલ. જે અંતર્ગત ૩૦/૧૨/૨૦૧૮ રવિવારના રોજ સવારે ૯.૦૦ કલાક થી સાંજના ૪.૩૦ કલાક દરમ્યાન 'ટકાઉ ટેકનોલોજી આપણું ભવિષ્ય' મુખ્ય વિષય તથા (૧) ઇકોસીસ્ટમ અને ઇકોસીસ્ટમ સેવાઓ (૨) બ્રહ્માંડ- રહસ્યોનો સમૂહ અને (૩) નેનો ટેકોનોલોજી પેટા વિષય આધારિત એક દિવસીય રાજ્ય કક્ષાની કાર્યશાળાનું આયોજન Hotel Gen.- X, ભાવનગરમાં કરવામાં આવેલ.

આ વર્કશોપમાં તજજ્ઞ તરીકે શ્રી ભારતભાઈ પાઠક (Rtd. IFS Officer & Former Director, GEER Foundation), ડો. સંદીપ કુમાર (DCF, Bhavnagar), ડો. અતિન્દ્ર શુક્લા (I/C Director, D.D. University, Nadiad), ડો. ભારતસિંહ ગોહિલ (HOD, Dep. of Life Science, M.K.B. Uni., Bhavnagar), ડૉ. બ્રિજમોહન ઠાકોર (Professor of Physics, Sardar Patel University, Anand) ડૉ. હિતેશ શાહ (Associate Pro., Science College, Bhavnagar), ડૉ. સુભાષ મહેતા (Rtd, Pro., Science College, Bhavnagar) વગેરે એ એમના વિષયો પર ઊંડાણપૂર્વકની માહિતી આપેલ.

શ્રી ભારતભાઈ પાઠકજી દ્વારા વક્તવ્ય વિષય પર વર્તમાન અને સંભાવિત સમસ્યાઓના ઉકેલ માટેના ઉપાયો તથા ભવિષ્યમાં આવનાર મુશ્કેલીઓને કઈ રીતે નિવારી શકાય અથવા આવનાર મુશ્કેલીઓની પૂર્વતૈયારી વિશે વિસ્તૃત માહિતી આપેલ. ડો. સંદીપ કુમારજીએ એમના વ્યાખ્યાનમાં આપણી આસપાસ રહેલ જૈવવિવિધતામાં માનવીના વણ વિચાર્યા કર્યો-વિકાસને કારણે નુકસાન દ્વારા પૃથ્વીને થતી અસરો વિષે માહિતી આપેલ. ડો. બ્રિજમોહન ઠાકોર દ્વારા બ્રહ્માંડને લગતા રહસ્યો તથા ગ્રહોની ગતિ તથા તેને અનુલક્ષીને સમયની ગણતરી તથા જે કઈ ખગોળીય ઘટનાઓ અવારનવાર જોવા મળે છે તેની પાછળ ગ્રહોની ગોઠવણી તથા તારા અને નક્ષત્રો વિશેની માહિતી આપી હતી.

આ રાજ્ય કક્ષાની કાર્યશાળામાં ભાગલેનાર તથા તજજ્ઞો સાથે કુલ ૮૫ લોકો એ ભાગ લીધો હતો, જેમને ગીરના સિંહ વિશેની માહિતી સભર એક પુસ્તિકા તથા પ્રમાણપત્ર આપવામાં આવ્યું હતું.

(હર્ષદ જોષી) 30-12-18
કો-ઓર્ડીનેટર,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર.



follow us on YouTube KRCSCBhavnagar

Also like our facebook Pages : krcscbhavnagarpage | EBCBhavnagar | CreativeCHEMISTRYClub | BACBhavnagar | bapukhagolmelaBhavnagar | VIPNETClubBhavnagarGJ0013 | BURDBhavnagar